# કાર્યનોંધ
## પ્રકાશન સમિતિની ચોથી બેઠક
## શૈક્ષણિક વર્ષ - ૨૦૧૬-૧૭ (ચોથી)

---

તા. ૦૧-૦૫-૨૦૧૭નાં રોજ માન.કુલપતિશ્રીનાં કાર્યાલયમાં અને તેમની અધ્યક્ષતામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ની પ્રકાશન સમિતિની ચોથી બેઠકનું આયોજન થયું. બેઠકમાં નીચેની વિગતે બહાલી આપવામાં આવી અને સમિતિએ અન્ય ભલામણો પણ કરેલ છે.

**૧.** ગત નાણાંકીય વર્ષ ૨૦૧૬-૨૦૧૭માં યુનિવર્સિટી પ્રકાશન વિભાગ દ્વારા વિવિધ શ્રેણી અંતર્ગત ૭ (સાત) જેટલાં ગ્રંથો પ્રકાશિત કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે. પ્રકાશિત કરવામાં આવેલ નીચે મુજબના ૭ (સાત) ગ્રંથોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

1. दीक्षान्तप्रवचनानि
2. काव्यलक्षणम्
3. छन्दःशास्त्र से विकल्पगणित का विकास
4. जय सोमनाथः
5. वाक्यार्थज्योतिः
6. भगवान् श्रीस्वामिनारायणः
7. शान्ति-मन्दिर-"सिद्धपीठम्"

**૨.** ગત નાણાંકીય વર્ષ ૨૦૧૬-૨૦૧૭માં યુનિવર્સિટી પ્રકાશન વિભાગ દ્વારા ૧૫ (પંદર) જેટલાં સમીક્ષકોને અને ૩ (ત્રણ) લેખકો/સંપાદકોને યુનિવર્સિટી નિયમાનુસાર પુરસ્કાર ચૂકવવામાં આવેલ છે. પ્રકાશન અર્થે જરૂરી શ્રીલીપી સોફ્ટવેરની ખરીદી પણ કરવામાં આવેલ છે. ગત નાણાંકીય વર્ષ ૨૦૧૬-૨૦૧૭માં યુનિવર્સિટીએ પ્રકાશન વિભાગને ફાળવેલ રૂ. ૧૦,૦૦,૦૦૦ /- (દસ લાખ રૂપિયા) માંથી રૂ. ૪,૭૧,૪૭૮ /- (ચાર લાખ એકોતેર હજાર ચાર સો અઠ્યોતેર રૂપિયા)નો ખર્ચ થયેલ છે. ચૂકવવામાં આવેલ પુરસ્કાર, શ્રીલીપી સોફ્ટવેર ખરીદી અને પ્રકાશન ખર્ચને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૩.** આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રકાશિત કરવાના થતાં તેમજ પ્રકાશન અર્થે આવેલ એવાં પાંચ ગ્રંથોની સમીક્ષા અર્થે સમિતિ નીચે મુજબની ભલામણ કરે છે.

પુસ્તક-૧ कैवल्यदीपिका (ડો. જાનકીશરણ આચાર્ય)
સમીક્ષક ૧ = પ્રો. રવીન્દ્રકુમાર પંડા, MSU, બરોડા
સમીક્ષક ૨ = Prof. M. L. N. Murthi, Tirupati

પુસ્તક-૨ Error Analysis (ડો. દિપેશ કતિરા)
સમીક્ષક ૧ = પ્રો. કે. વી. રામકૃષ્ણ આચાર્ય, તિરૂપતિ
સમીક્ષક ૨ = પ્રો. લલિત ત્રિપાઠી, R.S.S., Allahabad

પુસ્તક-૩ श्री राज्ञीदेवी सहस्त्रनाम निरूपणम् (ડો. ચમન લાલ રૈના)
સમીક્ષક ૧ = પ્રો. પ્રકાશ પાંડિય, જયપુર
સમીક્ષક ૨ = પ્રો. કમલેશ ઝા, SVDV, BHU, Varanasi

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

નોંધઃ- આ પુસ્તકનાં લેખકે દસ (૧૦) પૃષ્ઠ પ્રકાશન સમિતિને ભલામણ અર્થે મોકલેલ છે. આખું પુસ્તક મે-૨૦૧૭નાં અંતમાં લેખક અત્રે મોકલશે. આખું પુસ્તક આવ્યેથી સૂચિત બે સમીક્ષકોને ગ્રંથ સમીક્ષા અર્થે મોકલવાની સમિતિ ભલામણ કરે છે.

પુસ્તક-૪ Temple Management (Compilation Work)
સમીક્ષક ૧ = ડો. પંકજ એલ. જાની, VC, BAOU, અમદાવાદ
સમીક્ષક ૨ = પ્રો. ગંગાધર પંડા, VC, SSVV, વારાણસી

નોંધઃ- સમિતિ સભ્ય ડો. લલિત પટેલ આ ગ્રંથ પૂર્ણ તૈયાર કરી સંશોધન વિભાગને જમા કરાવ્યેથી સૂચિત બે સમીક્ષકોને ગ્રંથ સમીક્ષા અર્થે મોકલવાની સમિતિ ભલામણ કરે છે.

પુસ્તક-૫ वाक्यार्थज्योति: (अङ्क:-२)
સમીક્ષક ૧ = ડો. નરેન્દ્રકુમાર પંડયા, પ્રધાનાચાર્યશ્રી
સમીક્ષક ૨ = પ્રો. કમલેશ ચોકસી, સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
સમીક્ષક ૩ = ડો. જે.પી.એન. દ્વિવેદી, દ્વારકા,

નોંધઃ- સંશોધન વિભાગ वाक्यार्थ परिषद-२०१५-१६નાં સંયોજકો પાસેથી તમામ લેખો એક સાથે મેળવ્યેથી સૂચિત ત્રણ સમીક્ષકોને ગ્રંથ સમીક્ષા અર્થે મોકલવાની સમિતિ ભલામણ કરે છે.

૪. માન. કુલપતિશ્રીએ યુનિવર્સિટી ન્યુઝલેટર "सोम्ज्योति" અંગે વિગતે ચર્ચા કરી યુનિવર્સિટી ન્યુઝલેટર છમાસિક ન રહેતાં ત્રૈમાસિક બને એ રીતે પ્રકાશન કરવા ભલામણ કરેલ છે. વધુમાં તેમણે અન્ય યુનિવર્સિટીની કાર્યપ્રણાલી તેમજ યુ.જી.સી. નિયમાનુસાર (As per the Gazette of India published in Part-III, Section-4 Dated 10-05-2016) યુનિવર્સિટી ન્યુઝલેટર તૈયાર કરવાનું કાર્ય યુનિવર્સિટી ગ્રંથપાલે કરવાનું હોય છે એમ સૂચન કરેલ છે. જેની ગણતરી યુનિવર્સિટી ગ્રંથપાલના કાર્યભારમાં લઇને API માં ઉમેરવામાં આવે છે. આ વિગતે પ્રકાશન સમિતિ "सोम्ज्योति" પ્રકાશનની તમામ ફાઇલો યુનિવર્સિટી ગ્રંથપાલને સોંપવાની સંશોધન વિભાગને ભલામણ કરે છે.

હાલનાં તબક્કે અંક-૧૪ (જુલાઇ-૨૦૧૬ થી ડીસેમ્બર-૨૦૧૬) અને અંક-૧૫ (જાન્યુઆરી-૨૦૧૭ થી જૂન-૨૦૧૭) સંયુકત રીતે જૂનનાં અંત/જુલાઇનાં પ્રથમ સપ્તાહમાં સંશોધન વિભાગ જ પ્રકાશિત કરે એમ ભલામણ છે. જુલાઇથી યુનિવર્સિટી ગ્રંથપાલ આ ન્યૂઝલેટર ત્રૈમાસિક છાપે એમ ભલામણ છે. યુનિવર્સિટી અધ્યાપકો તેમાં સંપાદકરૂપે કાર્ય બજાવશે અને યુનિવર્સિટી ગ્રંથપાલ પ્રબંધક તરીકે કાર્ય બજાવશે એમ ભલામણ છે. સંયુકત અંક-૧૪-૧૫માં ડો. લલિત પટેલ, ડો. શત્રુઘ્ન પાણીગ્રાહિ, ડો. જાનકીશરણ આચાર્ય અને ડો. દિપેશ કતિરા સંપાદક રહેશે અને ડો. કાર્તિક પંડયા પ્રબંધક રહેશે એમ ભલામણ છે. અંક-૧૬ થી પ્રબંધક યુનિવર્સિટી ગ્રંથપાલ અને સંપાદકશ્રીઓ માન. કુલપતિશ્રીનાં અનુમોદિત અધ્યાપકો રહેશે.

૫. યુનિવર્સિટી ડાયરી-૨૦૧૮ અંગે ચર્ચા કરવામાં આવી. આગામી વર્ષની ડાયરીમાં આગળનાં આઠ (૮) પૃષ્ઠ (જેમાં ૬ મહાનુભાવોના સંદેશ, મુખપૃષ્ઠ (Title Page) અને Personal Memorandum સમાવિષ્ઠ થાય છે) મલ્ટી (ચાર) કલરમાં છાપવામાં આવે તેમજ ડાયરીનું કવર પેજ હાર્ડ બાઉન્ડ ન કરતાં પેપર બાઉન્ડમાં જ રાખી પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે.

૬. યુનિવર્સિટી શોધપત્રિકા "शोधज्योति" નું પ્રુફ વાંચન કર્યા બાદ તેને સંશોધન વિભાગનાં લિપિક શ્રી હિતેષભાઇ જાની પાસે કરેક્શન કરાવ્યા બાદ ઝડપથી પ્રકાશન થાય એમ સમિતિ ભલામણ કરે છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

૭. બે ગ્રંથો संस्कृतस्य विद्वांसः पण्डिताश्च અને ISS-2016 સંશોધન લેખોનો સંગ્રહ ઝડપથી પ્રકાશિત થાય એમ સમિતિ ભલામણ કરે છે.

૮. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે પ્રકાશન વિભાગે રૂા.૧૧,૦૦,૦૦૦/- (અગિયાર લાખ પુરા) ગ્રાંટની માંગ કરેલ હતી. તેના ૮૦ ટકા એટલે કે રૂા.૮,૮૦,૦૦૦/- (અંકે રૂપિયા આઠ લાખ એંસી હજાર પુરા) પ્રકાશન સમિતિ આગામી વર્ષ ૨૦૧૭-૧૮ માટે પ્રકાશન અર્થે ફાળવવાની ભલામણ કરે છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડૉ. કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી